### ચૂંટણીના દિવસો નજીક આવતા સ્થાય સમિતિની બેઠક વહેલી મળી

# જામનગરમાં ત્રીજુ સ્મશાન બનાવવા ૬ કરોડનો ખર્ચ મંજૂર

## વર્તમાન સત્તાધારી પક્ષની વર્તમાન બોડીની મુદત પૂર્ણ થતી હોવાથી કરોડોના ખર્ચાઓને ધડાધડ અપાતી મંજૂરીઓ

જામનગર : જામનગરમાં ત્રીજું સ્મશાન બનાવવા માટે મહાનગરપાલિકા દ્વારા છેલ્લા સાત - આઠ વર્ષથી બજેટમાં જોગવાઈઓ કરવામાં આવી રહી છે પરંતુ સ્મશાનનું મુર્હત મળતું નથી, દરમ્યાન ગઈકાલે મળેલનલ બેઠકમાં રૂ. ૬ કરોડના ખર્ચે ચેલા ગામના સર્વે નંબર વાળી જગ્યામાં સ્મશાન બનાવવાનો સૈધાંતિક સ્વીકાર કરાયો હતો. આ માટે જિલ્લા કલેકટર દ્વારા જગ્યા પણ ફાળવી દેવામાં આવી છે .



તસવીરઃ સુનિલ ચુડાસમા

જામમનગર મહાનગરપાલિકા ની સ્ટેન્ડિન કમિટીની બેઠક ગઈકાલ તા. ૨૭ ના રોજ સ્ટે. ચેરમેન નિલેશ બી. કગથરાના અધ્યક્ષ સ્થાને મળેલ હતી. જેમાં કુલ ૧૦ સભ્યો ઉપરાંત મેયર વિનોદભાઈ ખીમસૂર્યા, ડે. મેયર ક્રિષ્નાબેન સોઢા, કમિશ્નર ડી.એન.મોદી, ડે. કમિશ્નર દેવેન્દ્રસિંહ ઝાલા, સીટી એન્જીનીયર ભાવેશભાઈ જાની, આસી. કમિશ્નર (વ.) મુકેશ વરણવા, ઈચા. આસી. કમિશ્નર (ટે.) જીજ્ઞેશ નિર્મલ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

આ બેઠકમાં વોર્ડ નં. ૪ માં નવાગામ મધુરમ રેસીડેન્સીના છેડે નદી કાંઠા વાળા રોડ માં સી.સી. રોડ બનાવવા માટે રૂા. ૨૬.૮૩ લાખ , કેબલ ટી. વી. / મનોરંજન કર / વ્યવસાય વેરા ગ્રાન્ટ (સ્વભંડોળ) અન્વયે સીવીલ શાખા સાઉથ ઝોન વોર્ડ નં. ૮, ૧૫ અને ૧૬ માં વોટર વર્કસ શાખા દ્વારા કરવામાં આવેલ ટ્રેન્ચમાં સી.સી. પેચવર્ક (સી.સી. ચરેડા) ના કામે વધારાના કામ અંગે રૂા. ૨૬.૫૭ લાખ, વોર્ડ નં. ૧૧, લાલવાડી વિસ્તાર જૈન દેરાસરવાળા ૧૫ મી. પહોળાઈમાં આઈસીઆઈસીઆઈ. બેંકથી મહાપ્રભુજી બેઠક તરફ જતા રોડ સુધી સી.સી. રોડ બનાવવાના કામ માટે રૂા. ૫૧.૩૬ લાખ, વિધોતેજક મંડળને ગ્રાન્ટ ફાળવવા માટે રૂા. ૮ લાખ, જામનગર - લાલપુર રોડ પર ચેલા ગામના સર્વે નં. ૭૨૪ વાળી જગ્યામાં હિંદુ સ્મશાન બનાવવાના પ્રોજેકટને સૈધ્ધાંતિક મંજુરી આપવા અંગે કમિશ્નરની વધુ એક વખત દરખાસ્ત રજુ થતા રૂા. ૬ કરોડના ખર્ચ અંગે મંજુરી આપવામાં આવી હતી.

જામનગર શહેરમાં સમર્પણ સર્કલથી મહાકાળી સર્કલ, નંદ નિકેતન સ્કુલ થઈ બેડી બંદર જંકશન સુધીના રીંગ રોડને ગ્રીન રીંગ રોડ મુજબ ડેવલોપ કરવા તથા આસ્ફાલ્ટ કાર્પેટ કરવાના કામ અંગે રૂા. ૨૦.૭૬ કરોડ, જામનગર મહાનગરપાલિકાના ભાગ નં. ૧,૨,૪ (પાવર લાઈન સેલ્સ એન્ડ સર્વિસ) તથા ભાગ નં. ૩ (ઓમ સ્વચ્છતા કોર્પોરેશન) માંથી ડોર ટુ ડોર ગાર્બેજ કલેકશન કામગીરી, ઓપન પોઈન્ટ ગાર્બેજ કલેકશન, બીન્સ, કલેકશન કરી પોતાના બંધ બોડીના વાહનો દ્વારા નિકાલ કરવાના કામ (એક્સટેન્શન) અંગે રૂા. ૧.૬૨ કરોડના ખર્ચેને બહાલી આપવામાં આવી હતી.

સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ શાખા માટે ટવીન બીન્સ (નંગ-૫૦૦) ખરીદવા અંગે કમિશ્નરની રજુ થયેલ દરખાસ્ત પેન્ડીંગ રાખવામાં આવી હતી. લીકવીડ કલોરીન ટર્નર ની ખરીદી અંગે રૂા. ૨.૮૬ લાખનો ખર્ચ મંજૂર કરાયો હતો. ગુજરાત હાઈકોર્ટના હુકમ અન્વયે કિરીટ શિવાભાઈ પટેલ (હાલે નિવૃત)ને કમિટી રૂબરૂ સાંભળવામાં આવ્યા હતા. આમ આ બેઠક માં કુલ રૂા. ૨૯ કરોડ ૫૪ લાખના કુલ ખર્ચને મંજૂરી આપવામાં આવી હતી.

## સિક્કા, દરેડ અને કનસુમરામાં જુગારના ત્રણ દરોડામાં ૧૭ આરોપીઓની અટકાયત

જામનગર : જામનગર તાલુકાના સિક્કા, દરેડ તેમજ કનસુમરા ગામમાં પોલીસે જુગાર અંગે ત્રણ સ્થળે દરોડા પાડ્યા હતા, અને કુલ ૧૭ આરોપીઓની અટકાયત કરી લઈ રોકડ રકમ અને જુગારનું સાહિત્ય કબજે કર્યું છે.

જામનગર નજીક કનસુમરા ગામમાં જુગાર અંગેનો પ્રથમ દરોડો પંચકોષી બી. ડિવિઝન પોલીસે પાડ્યો હતો. જ્યાં ગંજીપાના વડે રોન પોલીસનો જુગાર રમી રહેલા રાહુલ ચરણદાસ શાક્ય, કમલસિંગ પન્નાલાલ જાટવ, સોબરનસિંગ રામ કરણસિંગ તોમર, સંઘપ્રિય રાજુ ગૌતમ, છોટુ ભગીરથ મંડેયા, મુકેશ રામનરેશ ગૌતમ, અને આકાશ રઘુવીર રાઠોડની અટકાયત કરી લઈ તેઓ પાસેથી રૂપિયા ૧૪,૩૦૦ ની રોકડ રકમ અને જુગારનું સાહિત્ય કબજે કર્યું છે.

જ્યારે જામનગર નજીક દરેડ વિસ્તારમાં જાહેરમાં ગંજીપાના વડે જુગાર રમી રહેલા ગોવિંદસિંગ પરમસિંગ ગોંડ, ગિરધારી બાલસ્વરૂપ પટેલ, પુષ્પેન્દ્રસિંગ કરનસિંગ ઠાકુર, ડોમનસિંગ જીવનસિંઘ લોધી, મહેશ કોમલભાઈ સાહુઝ રવિ જીવનલાલ સેન, અને રાજેશસિંહ કૈલાનસિંગ લોધીની અટકાયત કરી લઇ તેઓ પાસેથી રૂપિયા ૧૫,૧૦૦ ની રોકડ રકમ કબજે કરી છે.

આ ઉપરાંત જામનગર તાલુકાના સિક્કા ગામેં જકાતનાકા વિસ્તારમાંથી જાહેરમાં ગંજીપાના વડે જુગાર રમી રહેલા જાવેદ ગનીભાઈ સોઢા, હસન સાલેમહંમદ ભાયા, તેમજ આમીન અહમદભાઈ શુંભણીયાની અટકાયત કરી લઈ તેઓ પાસેથી રૂપિયા ૫૫૦ ની રોકડ રકમ અને જુગારનું સાહિત્ય કબજે કર્યું છે.

## જામનગરમાં ઈજનેર પરિવાર કચ્છ ફરવા ગયો ને તસ્કરો હાથ અજમાવી ગયા

### રોકડ રકમ અને ઘરેણાં સહિત કુલ રૂ.૧.૪૦ લાખની માલમતા ઉસેડી ગયા

જામનગર : જામનગરમાં કામદાર કોલોનીમાં વિસ્તારમાં રહેતા એક ઈજનેર પોતાના પરિવાર સાથે બહાર ગયા હતા. જ્યાં પાછળથી કોઈ તસ્કરો રોકડ અને ઘરેણાં ચોરી ગયાની ફરિયાદ પોલીસમાં નોંધાવી છે.

પ્રાપ્ત માહિતી મુજબ જામનગરમાં કામદાર કોલોની શેરી નંબર ત્રણમાં રહેતા હિરેનભાઈ કૌશિકભાઈ સોની નામના ૩૭ વર્ષના ઈજનેર યુવાને પોતાના બંધ મકાનમાંથી કોઈ તસ્કરો રૂપિયા ૧૦,૦૦૦ ની રોકડ રકમ અને સોના ચાંદીના દાગીના સહિત રૂપિયા ૧,૩૯,૧૦૦ ની માલમતા ઉઠાવી ગયાની ફરિયાદ સીટી સી. ડિવિઝન પોલીસ મથકમાં નોંધાવી છે.

પોલીસમાં જાહેર કરાયા અનુસાર ફરિયાદી પોતાના પત્ની અને બે બાળકો સાથે કચ્છમાં ફરવા માટે ગયા હતા, જે દરમિયાન પાછળથી તેઓના બંધ રહેણાંક મકાનને કોઈ તસ્કરે નિશાન બનાવી લીધું હતું, અને અંદરથી રોકડ તથા દાગીના ઉઠાવી ગયા હતા. તેઓ બહારગામથી પરત ફર્યા ત્યારે ઉપરોક્ત ચોરી થઈ હોવાનું અને પોતાના ઘરનો માલ સામાન વેરણ છેરણ થયો હોવાનું જાણવા મળતાં પોલીસ ફરિયાદ કરી છે. જે મામલે પોલીસ તપાસ ચલાવે છે.

## જોડીયાના રણજીતપર ગામે રેતીનું ખનન કરતા ત્રણ શખ્સોને અટકાવતા ખેડૂત સહિત ત્રણ પર હુમલો

જામનગર : જામનગર જિલ્લાના જોડીયા તાલુકાના રણજીતપર ગામમાં ગેરકાયદે રીતે રેતીનું ખનન કરી રહેલા ત્રણ શખ્સોને અટકાવવા જતાં સ્થાનિક ખેડૂત સહિત ત્રણ વ્યક્તિ પર હુમલો કાર્યાની ફરિયાદ પોલીસમાં ઉઠવા પામી છે.

પ્રાપ્ત માહિતી મુજબ જોડીયા તાલુકાના રણજીતપર ગામમાં રહેતા અને ખેતી કામ કરતા રમેશભાઈ રણછોડભાઈ રાઠોડ નામના ૩૩ વર્ષના ખેડૂત યુવાને પોતાના ઉપર તેમજ પોતાના ગામના ઉમેદભાઈ ગાંગાણી અને જયંતીભાઈ રાઠોડને લાકડાના ધોકા વડે હુમલો કરી ઈજા પહોંચાડયાની ફરિયાદ જોડીયા તાલુકાના બાલંભા ગામમાં રહેતા નિલેશભાઈ માલવીયા, ઉપરાંત રૈનિસ પટેલ અને તેના એક સાગરીત સામે ફરિયાદ નોંધાવી છે. પોલીસમાં જાહેર કરાયા અનુસાર ઉપરોક્ત ત્રણેય આરોપીઓ ગેરકાયદે રીતે રેતીનું ખનન કરતા હોવાથી તેઓના વાહનોને અટકાવવા જતાં આ હુમલો કરી ગાળા-ગાળી કરી હુમલો કર્યો હતો. જ્યારે પોલીસે ત્રણેય હુમલખીર આરોપીઓ સામે ગુનો નોંધી શોધખોળ હાથ ધરી છે.

## જામનગરના ઉદ્યોગપતિ સામે દુષ્કર્મની ફરિયાદ બાદ ભાગીદારને પતાવી દેવાની ધમકી આપ્યાનો ગુનો નોંધાયો

### જમીનના ભાવ આસમાને પહોંચતાં ભાગીદાર લેન્ડ ડેવલોપરને પોતાની મિલમાં બોલાવી ઢોર મારી રિવોલ્વરથી ધમકી આપી : પાંચ વર્ષથી પરેશાન ભાગીદારે કલેકટરને રજુઆત કરતા તાત્કાલિક ગુનો નોંધવા આદેશ કર્યો

જામનગર : જામનગરના એક મિલ માલિક અને અગ્રણી ઉદ્યોગપતિ સામે તાજેતરમાં દુષ્કર્મ અંગેની ફરિયાદ નોંધાવાયા બાદ તેની સામે વધુ એક ગુન્હો નોંધાયો છે. પોતાના જ ભાગીદાર એવા લેન્ડ ડેવલોપર સાથે ખરીદ કરેલી જમીન કે જેના ભાવ આસમાને પહોંચતાં દાનત બગડી હોવાથી ભાગીદારનો હિસ્સો નહીં આપવાના ભાગરૂપે પોતાની જગ્યામાં બોલાવી રિવોલ્વરની અણીએ પતાવી દેવાની ધમકી આપી ઢોર માર માર્યાની ફરિયાદ પોલીસમાં નોંધાવાતાં ભારે ચકચાર જાગી છે.

જામનગરમાં પંચવટી સોસાયટીની બાજુમાં મયૂરબાગમાં રહેતાં જમીન મકાનના લેન્ડ ડેવલોપર અશોક દેવશીભાઈ અકબરી (૪૭) એ જામનગરના અગ્રણી ઉદ્યોગપતિ અને જનક ઓઈલ મિલના માલીક વિશાલ મહેન્દ્રભાઈ મોદી વિરુદ્ધ પંચકોશી બી. ડિવિઝન પોલીસ સ્ટેશનમાં પોતાની ભાગીદારીમાં ખરીદ કરેલી અનેક કિંમતી જમીનો કે જેમાં તેનો હિસ્સો નહીં આપી રિવોલ્વરની અણીએ પતાવી દેવાની ધમકી આપ્યાની તેમજ પોતાને તેમજ પોતાના ભાઈને ઢોર માર માર્યાની ફરિયાદ દાખલ કરાવી છે.

પોલીસ ફરિયાદમાં જાહેર કરાયા મુજબ, આરોપી વિશાલ મહેન્દ્રભાઈ મોદી કે જે પોતાની સાથેની અલગ અલગ જગ્યાઓ પર આવેલી અતિ કિંમતી મિલકતોમાં ભાગીદાર છે, પાછલા ૩ વર્ષ દરમ્યાન ઉદ્યોગપતિ વિશાલે આ ફરિયાદી અશોકભાઈ તથા તેના ભાઈ ભરતભાઈને અલગ અલગ જગ્યાઓ પર બોલાવ્યા હતા, અને જમીનમાં ભાગ આપવાના મામલે તકરાર કરી હતી. અગાઉ ખરીદ કરેલી મિલકતો કે જેની હાલ બજાર કિંમત ખૂબ જ ઊંચી થઈ ગઈ હોવાથી વિશાલની દાનત બગડી હતી, અને હિસ્સો આપવાનો ઈન્કાર કર્યો હતો.

વિશાલે આ ફરિયાદી તથા તેના ગ્રાહકોના અલગઅલગ જગ્યાઓ પર આવેલાં પ્લોટ તથા મૂડી છૂટા કર્યા નથી, ફરિયાદી તથા તેના ભાઈને ઢોર માર માર્યો છે, ગાળો આપી છે, ટાંટિયા ભાંગી નાંખવાની તથા રિવોલ્વરની અણીએ જાનથી મારી નાંખવાની ધમકી પણ આપી છે,

આ બધા ગુનાઓ દરેડ ફેઈઝ-૩, મસિતિયામાં આવેલી અપના ઈમ્પેક્સ ઓફિસમાં તથા દરેડ વિસ્તારમાં આવેલી ન્યૂ એરા કન્સ્ટ્રક્શન સાઈટ પર તથા આરોપીની બેડી વિસ્તારમાં આવેલી જનક ઓઈલ મીલ ખાતે આરોપીએ આચર્યા હોવાનું ફરિયાદમાં જણાવાયું છે.

છેલ્લા પાંચ વર્ષ જેટલા સમયગાળા દરમિયાન વિશાલ મોદીના ત્રાસ, ધાકધમકી અને મારકુટ વગેરેથી કંટાળીને અશોકભાઈએ જામનગરના પંચકોશી બી. ડિવિઝન પોલીસ મથકમાં અરજી કરી હતી, પરંતુ અગાઉ તેની અરજી ફાઈલ થઈ ગઈ હતી. આખરે સ્વાગત નિવારણ સમક્ષ પોતે ફરિયાદ કરી હતી, જેમાં જામનગર ગ્રામ્ય મામલતદારની કચેરીમાં જે તે વખતે જિલ્લા કલેકટર કેતન ઠક્કર ખુદ હાજર રહ્યા હતા, અને સાંભળ્યા હતા. જેમાં તેઓએ જણાવ્યું હતું કે પોતે છેલ્લા પાંચ વર્ષથી વિશાલ મોદી ની ધાકધમકી, ત્રાસ, અને મારકુટનો ભોગ બની રહ્યા છે. પોતાને ભાગ આપવાના બદલે ગાળો આપી મારકુટ કરાય છે. તેમજ તેની સામેની પોલીસ ફરિયાદ નોંધાવાતી નથી. જે રજૂઆત સાંભળીને જિલ્લા કલેકટરે તાત્કાલિક અસરતથી આ ફરિયાદ નોંધવા આદેશ કર્યો હતો, જેના અનુસંધાને આ ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

## દેશવ્યાપી હડતાલમાં જામનગરમાં બેંક કર્મીઓ જોડાયા

જામનગર : ભારતમાં રાષ્ટ્રીયકૃત બેંકોની દેશવ્યાપી હડતાલને પગલે દેશમાં અરબો રૂપિયાનાં આર્થિક વ્યવહારો ખોરવાયા હતાં.

શનિ રવિ અને પછી સોમવારે પ્રજાસતાક પર્વની રજા પછીનાં દિવસે હડતાલને કારણે સતત ૪ દિવસ બેંકો બંધ રહેતા અનેક લોકોને મુશ્કેલી થઈ હતી. જામનગરમાં પણ ગુજરાત બેંક વર્ક્સ યુનિયનનાં નેજા હેઠળ સૈંકડો બેંક કર્મચારીઓ હડતાલમાં જોડાયા હતાં.



તસવીરઃ સુનિલ ચુડાસમા





યુનિયનનાં હોદ્દેદાર કુલિનભાઈ ધોળકીયા સહિતનાં આગેવાનોએ બેંક ઓફ ઈન્ડીયા પાસે એકઠા થઈ પડતર માંગણીઓને લઈને સૂત્રોચ્ચાર કરી સરકારને ઢંઢોળવા પ્રયાસ કર્યો હતો. આ તકે સપ્તાહમાં પાંચ દિવસનાં વર્ક'ગ ડે ની પદ્ધતિ અમલી બનાવવાની માંગ પ્રચંડ બની હતી. સરકાર દ્વારા વર્ષ ૨૦૨૩ માં કરવામાં આવેલ સમજૂતીની અમલવારી હજુ સુધી થઈ ન હોવાનાં આરોપ સાથે યુનિયનનાં આગેવાનો તથા બેંક કર્મચારીઓએ ૩ વર્ષ જૂની સમજૂતીનાં તાત્કાલિક અમલની માંગ કરી હતી.


## જામનગરમાં હત્યાના બનાવમાં સાક્ષી બનનાર યુવાન ઉપર શખ્સનો તલવાર વડે હુમલો


જામનગર : જામનગરના બર્ધન ચોક વિસ્તારમાં આઠ વર્ષ પહેલા થયેલી હત્યાના કેસમાં સાક્ષી એવા યુવાન ઉપર એક શખ્સે તલવાર વડે હુમલો કરતા યુવાનને લોહી નીતરતી હાલતમાં સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. આ બનાવની જાણ થતા સ્થાનિક પોલીસ કાફલો ઘટનાસ્થળે અને હોસ્પિટલ ખાતે દોડી ગયો હતો અને યુવાનની ફરિયાદ પરથી આગળની કાર્યવાહી આરંભી હતી.

પ્રાપ્ત વિગત અનુસાર જામનગરમાં ઘાંચીવાડ, રંગુન વાલા સોસાયટી પાસે રહેતા અને મજૂરી કામ કરતા યુવાન ઉપર ઘાંચીવાડ વિસ્તારમાં જાંબુડી મસ્જિદ પાસે રહેતા હમઝા યુસુફભાઈ માડકિયા નામના શખ્સે મનદુઃખ અને ખાર રાખી તલવાર વડે હુમલો કરતા ઈમરાનને માથાના ભાગે પાંચ ટાંકાની તથા હાથમાં અને પગમાં નાની મોટી ઈજા પહોંચતા લોહી નીતરતી હાલતમાં તાત્કાલિક જી. જી. હોસ્પિટલ ખાતે સારવાર અર્થે લઈ જવામાં આવ્યો હતો. જ્યાં તેની ફરિયાદ પરથી સિટી એ ડિવિઝન પોલીસે ગુન્હો દાખલ કરી હુમલાખોરને ઝડપી લેવા તપાસના ચક્રો ગતિમાન કર્યા છે. હુમલાનો ભોગ બનનાર ઈમરાન માડકિયા આજથી આઠ વર્ષ પહેલા બર્ધન ચોક વિસ્તારમાં હત્યાનો બનાવ બનેલ અને તે બનાવમાં સાક્ષી હોઈ જે બાબતનો ખાર રાખી હમઝા તલવાર વડે તુટી પડ્યો હતો.

## જામનગરનાં ઐતિહાસિક સ્થાપત્યો તેમજ સાત રસ્તા સર્કલ પર દેશભક્તિનો ઝળહળાટ




તસવીરઃ સુનિલ ચુડાસમા



જામનગર : જામનગરમાં પ્રજાસત્તાક પર્વની સંધ્યાએ રણમલ તળાવ, ભૂજીયા કોઠા સહિતનાં ઐતિહાસિક સ્થાપત્યો તિરંગાની થીમ પર રૌશનીથી ઝળહળી ઉઠ્યા હતાં અને ધર્મનગરીમાં રાષ્ટ્રીય તહેવાર પણ ઉમંગભેર ઉજવાયો હતો. તાજેતરમાં લોકાર્પણ પામેલ સાત રસ્તા સર્કલથી સુભાષબ્રિજ સુધીનાં ઓવરબ્રીજ નીચે સાત રસ્તા સર્કલમાં ઝાંસીની રાણીની પ્રતિમા આસપાસ પણ અદ્ભૂત લાઈટ ડેકોરેશન નિહાળી લોકો મંત્રમુગ્ધ થયા હતા અને ઓવરબ્રીજ ફરી એક વખત સેલ્ફીઝોન બન્યો હતો. ઐતિહાસિક ઈમારતો સહિત સરકારી કચેરીઓમાં પણ લાઈટીંગમાં રાષ્ટ્રધ્વજનાં રંગો ઝળહળી ઉઠ્યા હતાં.

## જામનગર જિલ્લામાં ખેતરોમાંથી કઢાતી વીજલાઈનના વળતર મુદ્દે કિસાન સંઘર્ષ સમિતિએ પાઠવ્યું આવેદન




તસવીરઃ સુનિલ ચુડાસમા



જામનગર : જામનગર શહેરમાં ગઈકાલે મંગળવારે ગુજરાત કિસાન સંઘર્ષ સમિતિના નેજા હેઠળ જિલ્લાના તાલુકાઓના ખેડુતોએ પદયાત્રા યોજીને જિલ્લા કલેક્ટરને આવેદન આપીને ખેતરોમાંથી પસાર થયેલી, થતી કે થનારી ખાનગી કંપનીઓની વીજ લાઈનોના વળતર મુદ્દે રજુઆત કરવામાં આવી હતી.

ગુજરાત કિસાન સંઘર્ષ સમિતિના ડાયાભાઈ ગજેરા, પાલભાઈ આંબલીયા, નવસારીના જયેશભાઈ પટેલના નેજા હેઠળ પેલેસ રોડથી કલેક્ટર કચેરી સુધીની ખેડુત પદયાત્રા યોજાઈ હતી. જે વેળાએ પોલીસ બંદોબસ્ત રહ્યો હતો. ખેડુત અગ્રણીઓ અને ખેડુતોએ કલેક્ટર કેતન ઠક્કરને રૂબરુ મળીને રજુઆત કરીને આવેદન આપ્યું હતું. જેમાં જણાવ્યું હતું કે, જામનગર જિલ્લામાં અત્યારે જે જે વીજ લાઈનો નીકળી ગઈ છે, નીકળે છે, કે નિકળવાની છે. તે તમામ વીજ લાઈનો કાઢવા માટે કલેક્ટરએ ખેડુતોને ઈ.સ. ૧૮૮૫ના ધ ટેલીગ્રાફ એક્ટ મુજબ-૨૦૦૩ના વિદ્યુત કાયદા મુજબ નોટીસો આપી છે. જયારે આ જ કાયદા હેઠળ ખેડુતોને વળતક કેમ અપાતું નથી ? ઈ.સ.૧૮૮૫ અને ૨૦૦૩ના કાયદા મુજબ ઓછામાં ઓછું નુકશાન અને વધારેમાં વધારે વળતર વ્યાખ્યા મુજબ વળતર આપવાને બદલે ખાનગી કંપનીઓ માટે કરેલા તા.૧/૧/૨૦૧૭થી તા.૩૧/૧૨/૨૦૨૫ સુધીના તમામ પરિપત્રો મુજબ જંત્રીના ભાવે વળતરની ગણતરી શા માટે કરવામાં આવે છે ? તેવા સવાલો ઉઠાવીને ૧૫ જેટલા મુદ્દાની માહિતી માંગી હતી.

## જામનગરમાં શાક બકાલુ વેંચતા યુવાન પર પૈસાની ઉઘરાણીના પ્રશ્ને શખ્સનો હુમલો

જામનગર : જામનગરમાં રણજીતનગર વિસ્તારમાં રહેતા એક યુવાન પર પૈસાની ઉઘરાણી બાબતે રાજપૂત યુવાને હુમલો કરી મારી નાખવાની ધમકી આપ્યાની ફરિયાદ પોલીસમાં નોંધાવી છે.

પ્રાપ્ત માહિતી મુજબ જામનગરમાં રણજીત નગર પાણીના ટાંકા વિસ્તારમાં રહેતા અને શાક બકાલાની રેકડી ચલાવતા હિતેશ જગદીશભાઈ દુલાણી નામના ૩૧ વર્ષના સિંધી લોહાણા વિક્રેતાએ પોતાના ઉપર હુમલો કરી જાનથી મારી નાખવાની ધમકી આપવા અંગે રણજીત નગર વિસ્તારમાં જ રહેતા પૃથ્વીરાજસિંહ ચૌહાણ નામના શખ્સ સામે ફરિયાદ નોંધાવી છે.

પોલીસ ફરિયાદમાં જાહેર કરાયા અનુસાર ફરિયાદી યુવાને આજથી પાંચ વર્ષ પહેલા આરોપી પાસેથી હાથ ઉછીના પૈસા મેળવ્યા હતા, જે પરત આપી દીધા હોવા છતાં પૃથ્વીરાજસિંહ ચૌહાણ તેને હેરાન પરેશાન કરી પૈસાને ઉઘરાણી કરતો હોવાનું અને મારકુટ કરતો હોવાનું પોલીસમાં જણાવાયું છે. જે મામલે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.